ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**એન સી પાટડીયા**
સભ્ય, અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
પ્રેમ રતન ધન પાયો
રાત્રે ૯.૩૦

**સ્ક્રીન-૨**
પ્રેમ રતન ધન પાયો
૧૨.૩૦, ૩.૪૫, ૭.૦૦. ૧૦૧૫

**સ્ક્રીન-3**
સ્પેક્ટર (અંગ્રેજી)
૧.૪૫, ૭.૧૫
સ્પેક્ટર (હિન્દી)
૧૧.૦૦, ૪.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
છેલ્લો દિવસ
૪.૦૦, ૭.૧૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
પ્રેમ રતન ધન પાયો
૧૦.૦૦, ૨.૦૦

**સ્ક્રીન-૬**
પ્યાર કા પંચનામા-૨
૧૦.૦૦
છેલ્લો દિવસ
૧.૦૦
પ્રેમ રતન ધન પાયો
૫.૩૦

# જી ઈ ક્લબના કલાકારો દ્વારા અમદાવાદમાં શાનદાર કલા પ્રદર્શન



## ચાઈનીઝ ડૅલિગેશનના યુવા સભ્યોને ઘેલા કર્યા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરની સિનિયર કલા સંસ્થા જી ઈ ક્લબના કલાકારોએ ગઈકાલે અમદાવાદ ખાતે ચાઈનીઝ ડૅલિગેશન સમક્ષ અફલાતૂન કલા પ્રદર્શન કરીને ડૅલિગેશન ઉપરાંત આમંત્રિત પ્રેક્ષકોનાં દિલ જીતી લીધાં હતાં.

નેહરૂ યુવા કેન્દ્ર સંગઠન ગુજરાત ઝોન દ્વારા આયોજિત આ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન નેહરૂ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં જી ઈ ક્લબના બૅનર તળે ગાંધીનગરના યુવા કલાકારોએ રાસ, ગરબો, રાજસ્થાની ડાન્સ જેવી અસલ ભારતીય કૃતિઓ રજૂ કરીને પ્રેક્ષકોનાં દિલ જીતી લીધાં હતાં ચાઈનીઝ ડૅલિગેશનના સભ્યો તો ગાંધીનગરના કલાકારોથી એટલા પ્રભાવિત થયા હતા કે એ પૈકીના કેટલાક સભ્યોએ તો યુવા કલાકારોની સાથે ડાન્સની મસ્તીમાં ઝૂમવાની મઝા પણ માણી હતી.

યુથ ઍક્સચેન્જ કાર્યક્રમ અંતર્ગત ગુજરાત આવેલા આ ચાઈનીઝ ડૅલીગેશન માટે સ્પીપા ઑડિટોરિયમ ખાતે આયોજિત આ સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત જી ઈ ક્લબના ડિરેક્ટર કશ્યપ નિમાવતના નિર્દેશનમાં બ્રિજરાજસિંહ ઝાલા, દીપલ પરમાર, નીતિન રાવત, રિયા નિમાવત, પૂજા શાહ, ઝરણા કડિયા, હાર્દિકા શુક્લ, રોશની બ્રહ્મભટ્ટ, સાગર દેસાઈ, ચિનગારી પરમાર, જુગલ મકવાણા, જયપાલસિંહ સોલંકી, મયંક ભટ્ટ એ કલાનાં અજવાળાં પાથરી ભરપૂર પ્રશસ્તિ પ્રાપ્ત કરી હતી. આ પ્રસંગે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના અન્ડર સૅક્રેટરી આઈ કે લેન્કા, સ્ટેટ ઑફિસર મનવરજી, નિવૃત્ત સનદી અધિકારી આઈ એ વોરા, નહેરૂ યુવા કેન્દ્ર સંગઠન, ગાંધીનગર ઝોનના ડિરેક્ટર ઍસ ઍસ રાજપુરોહિત, નહેરૂ યુવા કેન્દ્ર, ગાંધીનગરના યુથ કો-ઓર્ડિનેટર રજનીકાન્ત સુથાર, અમદાવાદના યુથ કો-ઓર્ડિનેટર દ્રુપદ જોશી, ઍનઍસઍસના અધિકારી કમલકરજી, ચાઈનીઝ યુથ ડૅલિગેશનના લીડર ડૉ. ફુ અને ડૉ. લી ઉપસ્થિત રહ્યાં હતાં.

# આજે કોલવડાની બ્રહ્માકુમારીઝ રાજયોગ ગીતા પાઠશાળાનો રજત જયંતિ મહોત્સવ

ગાંધીનગર, તા. ૨૧

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય, ગાંધીનગર જિલ્લા મુખ્યાલય કેન્દ્ર, સૅક્ટર-૨૮, ગાંધીનગરનાં નિયામક રાજયોગિની કૈલાસદીદીની અધ્યક્ષતામાં ચિલોડા, ઉર્જાનગર, સૅક્ટર-૨ સી, રૂપાલ સેવા કેન્દ્રોની સ્થાપના કરી અને જિલ્લામાં ૫૦ જેટલી રાજયોગ ગીતા પાઠશાળા શરૂ કરવામાં આવી છે અને સમગ્ર ગાંધીનગર જિલ્લાની વિવિધ આધ્યાત્મિક સેવાઓ સુવ્યવસ્થિત રીતે કરવામાં આવી રહી છે.

જિલ્લાના કોલવડા ગામમાં ચાલી રહેલ રાજયોગ ગીતા પાઠશાળા કે જ્યાં નિયમિત સત્ય ગીતાજ્ઞાન અને સહજ રાજયોગનું શિક્ષણ વિનામૂલ્યે પ્રદાન કરી સમાજનાં વ્યસનો, કુરીતિઓ નાબૂદ કરી ભારત ભૂમિ પર પુનઃ સ્વર્ગ સ્થાપન કરવાનું ભગીરથ કાર્ય થઈ રહ્યું છે, તેને પચીસ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે. આ પ્રસંગે રજત જયંતિ મહોત્સવનું આયોજન રવિવાર, તા. ૨૨ નવેમ્બરના રોજ સાંજે ૫.૩૦ કલાકે નીલકંઠ મહાદેવ મંદિર, દરબાર ભાગોળ, કોલવડા ખાતે કરવામાં આવ્યું છે.

રજત જયંતિ મહોત્સવમાં સાંજે ૪થી ૫.૩૦ દરમ્યાન ૫૦૦ જેટલા પવિત્ર, સદાચારી, નિર્વ્યસની, શ્વેત વસ્ત્રધારી બ્રહ્મકુમાર અને બ્રહ્માકુમારીઓ સમગ્ર કોલવડા ગામમાં શાંતિ યાત્રા સ્વરૂપે ફરી પવિત્રતા, શાંતિ, વિશ્વ એકતાના પ્રકંપનો ફેલાવશે. યાત્રાની સમાપ્તિ બાદ સાંજે ૫.૩૦ કલાકે ઉત્તર ગાંધીનગર વિસ્તારના ધારાસભ્ય અશોકભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રજત જયંતિ સમારોહ યોજાશે, જેમાં ગ્રામ પંચાયતના સરપંચ રમેશભાઈ પટેલ તથા પૂર્વ ઈન્સ્પેક્ટર ઈશ્વરસિંહ વાઘેલા ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે રાજયોગિની કૈલાસદીદી દ્વારા આશીર્વચન પાઠવવામાં આવશે. એક હજાર જેટલા પ્રભુપ્રેમી ભાઈ-બહેનો આ પ્રસંગે ઉપસ્થિત રહી પરમાત્માનો દિવ્ય સંદેશ મેળવશે.

મહોત્સવ અંતર્ગત ગ્રામવાસી ચંદુભાઈના નિવાસ સ્થાન, મહાદેવ મંદિરની પાછળ, પટેલ વાસ, કોલવડા ખાતે તા. ૨૩, ૨૪ અને ૨૫ નવેમ્બરના રોજ રાત્રે ૭.૩૦થી ૮.૩૦ દરમ્યાન રાજયોગ શિબિરનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

આ ધાર્મિક ઉપક્રમોનો લાભ લેવા બ્રહ્માકુમારીઝ દ્વારા સર્વ ભાવિકોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# આવતીકાલથી અમદાવાદ ખાતે ગઝલ સપ્તાહ

ગાંધીનગર, તા. ૨૧

શબ્દશ્રી સંસ્થા દ્વારા તા. ૨૩થી ૨૯ નવેમ્બર દરમ્યાન અમદાવાદના ટાઉનહોલ ખાતે દરરોજ રાત્રે ૮.૩૦ કલાકે પૂ. મોરારીબાપુની પ્રેરણાથી "ગઝલ સપ્તાહ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ સપ્તાહ દરમ્યાન ગુજરાતી ગઝલને ૧૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે વિશ્વ પ્રસિદ્ધ ૧૨૫ કલાકારો તેમની કલાના કામણ પાથરશે જેમાં ગુજરાતી ભાષામાં સંગીત, નૃત્ય, નાટક, કવિસંમેલન વગેરે કાર્યક્રમો યોજાશે.

ગઝલ સપ્તાહના આ કાર્યક્રમના પ્રથમ દિવસે પાર્થિવ ગોહિલ અને કલાકારો ગઝલ અનપ્લગ પ્રસ્તુત કરશે. આ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત આ સપ્તાહમાં મુશાયરો, હસાયરો, શામે ગઝલ (હિન્દી-ઉર્દૂ), નાટક 'મેરીઝ', ગઝલનો કરીએ ગુલાલ વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે. સાહિત્ય અકાદમીના અધ્યક્ષ કવિ ભાગ્યેશ જહાનું કાવ્યકલા પર વક્તવ્ય અને સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ યોગેશ ગઢવી લોક સાહિત્યના રંગો પીરસશે. આ કાર્યક્રમમાં વીરઝારા ફેઈમ અને સારેગામા ચેમ્પિયન મહોમ્મદ વકીલથી માંડીને ૧૬ વર્ષના આલાપ તન્ના અને ૮૧ વર્ષના જલન માતરી સુધીના ખ્યાતનામ કલાકારો, જાણીતા કવિઓ, લેખકો, ચિંતકો ભાગ લેશે.

**ગુજરાતી ગઝલના ૧૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે વિશ્વભરમાં ખ્યાતિપ્રાપ્ત ૧૨૫ કલાકારો મંચ ગજવશે**

## મતદાન

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

નિરીક્ષકોની નિમણૂંકો પહેલાથી જ કરવામાં આવી ચુકી છે. આ ચૂંટણી નિરીક્ષકો ચુંટણી પ્રક્રિયા પર ચાંપતી નજર રાખશે.તા.૨૨મીના મતદાન પૂર્વે છ મહાનગરપાલિકાની ૫૬૮ બેઠકો માટે ૧૮૫૬ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. આવતીકાલે રવિવારના રોજ રાજયની છ મહાનગરપાલિકાઓની સામાન્ય ચૂંટણીઓને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મહાનગરપાલિકાની ચૂંટણીને લઈને કર્મચારીઓ પણ સજ્જ થઈ ચુક્યા છે. છ મહાનગર પાલિકાઓના કુલ ૧૪૩ વોર્ડની ૫૬૮ બેઠકો પર જે તે પક્ષ ઉપરાન્ત અપક્ષ અને અન્ય સાથે કુલ ૧,૮૫૬ ઉમેદવારો ચૂંટણીના મેદાનમાં છે. છ મહાનગરપાલિકાઓ ના કુલ ૯૫,૯૦, ૫૫૨ મતદારો નોંધાયા છે. જેમાં પૂરુષ ૫૧,૧૦,૭૧૩ અને સ્ત્રી ૪૪,૭૯,૮૩૯ નોંધાયેલ છે. આ ચૂંટણીઓ માટે મહાનગરપાલિકાના મતદાન મથકોની સંખ્યા ૧૨,૬૧૬ થયા છે. છ મહાનગરપાલિકાઓના નોંધાયેલા કુલ ૯૫,૯૦,૫૫૨ મતદારોમાંથી અમદાવાદ મહાનગરપાલિકામાં કુલ ૩૯,૮૩,૫૮૯ મતદારો નોંધાયા છે. જેમાં પુરુષ ૨૦,૯૫,૧૪૮ અને સ્ત્રી ૧૮,૮૮,૪૪૧ મતદારો નોંધાયેલ છે. રોજકોટ મહાનગરપાલિકામાં કુલ ૮,૮૫,૭૦૦ મતદારો નોંધાયા છે. જેમાં પુરુષ ૪,૬૦,૫૪૧ અને સ્ત્રી ૪,૨૫,૧૫૯ મતદારો નોંધાયેલ છે. ભાવનગર મહાનગરપાલિકામાં કુલ ૪,૧૧,૬૧૩ મતદારો નોંધાયા છે. જેમાં પુરુષ ૨,૧૩,૮૧૭ અને સ્ત્રી ૧,૯૭,૭૯૬ મતદારો નોંધાયેલ છે. વડોદરા મહાનગરપાલિકામાં કુલ ૧૨,૨૭,૯૩૪ મતદારો નોંધાયા છે. જેમાં પુરુષ ૬,૩૩,૯૫૪ અને સ્ત્રી ૫,૯૩,૯૮૦ મતદારો નોંધાયેલ છે અને સુરત મહાનગરપાલિકામાં કુલ ૨૬,૨૭,૬૫૭ મતદારો નોંધાયા છે. જેમાં પુરુષ ૧૪,૭૨,૦૮૭ અને સ્ત્રી ૧૧,૫૫,૫૭૦ મતદારો નોંધાયેલ છે. અમદાવાદ મહાનગરપાલિકાના ૪૮ વોર્ડની ૧૯૨, સુરત મહાનગરપાલિકાના ૨૯ વોર્ડની ૧૧૬, વડોદરા મહાનગરપાલિકાના ૧૯ વોર્ડની ૮૬ રાજકોટ મહાનગરપાલિકાના ૧૮ વોર્ડની ૭૨, જામનગર મહાનગરપાલિકાના ૧૬ વોર્ડની ૬૪ અને ભાવનગર મહાનગરપાલિકાના ૧૩ વોર્ડની ૫૨ (બાવન) બેઠકો સાથે કુલ ૧૪૩ વોર્ડની ૫૬૮ બેઠકો માટે ૧,૮૫૬ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.

## બસો ફાળવી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

માત્ર ખાનગી વાહનોના સહારે ન રહેવુ પડે તે માટે એસ ટી તંત્ર દ્વારા ખાસ બસ સેવા પુરી પાડવામાં આયોજન કરી દેવાયુ છે. જેમાં ગાંધીનગર ડેપો દ્વારા પણ ૨૦ જેટલી બસો આ રૂટમાં દોડાવવામાં આવી રહી છે. ડેપોના સુત્રોના જણાંવ્યા મુજબ ગાંધીનગર ડેપોની ૨૦ જેટલી બસો જુનાગઢ જતા ભાવિકો માટે ફાળવવામાં આવી છે. જો કે આ બસો અમદાવાદથી દોડાવાશે જયારે ગાંધીનગરથી જતા ભાવિકો માટે પણ ગ્રૂપ મુજબ બે ખાસ બસની વ્યવસ્થા કરવામાં આવી હતી. ગાંધીનગરથી ગિરનાર પરિક્મા માટે જતા ભાવિકોની સંખ્યામાં પ્રતિવર્ષ વધારો થઈ રહયો છે. ત્યારે બસસેવાનુ આયોજન પણ અપગ્રેડ કરવામાં આવ્યુ હોવાનુ ડેપોના સુત્રોએ જણાંવ્યુ છે.

## પક્ષોની નીતિ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

વ્યૂહરચના બન્ને પક્ષો દ્વારા તૈયાર કરવામાં આવી રહી છે.

બન્ને પક્ષો આ વખતની ચૂંટણીમાં મતદારોની ઉદાસીનતાને લઈ પણ મુંઝવણમાં છે. તો ક્યાંક પ્રચાર અભિયાનમાં કાર્યકરોની ગેરહાજરી પક્ષોને સતાવી રહી છે. બન્ને પક્ષોમાં કાર્યકર્તાની નારાજગીનું પ્રમાણ વધુ હોવાથી હવે ઉમેદવારોને ભારે મહેનત કરવી પડી રહી છે.

જોકે આ ચૂંટણી પરિણામો સ્થાનિક મુદ્દાઓને લઈ લડાતી હોવાથી છેલ્લા દિવસોમાં ઝંઝાવાતી પ્રચાર અભિયાન બન્ને પક્ષો દ્વારા હાથ ધરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

મહાનગરપાલિકાઓની ચૂંટણીનું મતદાન સંપન્ન થયા બાદ રાજકીય નેતાઓ જિલ્લાના પ્રવાસમાં આવે તેવી શક્યતાના નિર્દેશ પણ મળી રહ્યા છે. જો કે હાલ તો બન્ને પક્ષોએ કલોલ તાલુકામાં તેમનું ધ્યાન વધુ કેન્દ્રીત કર્યુ છે.

ગૃપ બેઠકો, મિત્ર મંડળની રાજનીતિ આ વખતની ચૂંટણીમાં વધુ નિર્ણાયક બનીને ઉભરશે તેમ રાજકીય નિરીક્ષકો પણ માની રહ્યા છે.

## સફાઈ અભિયાન

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

માત્ર ફોટો મેનિયાક બનતા સ્વચ્છતા અભિયાન પણ નાટકીય બની ગયુ હતુ. શહેરના સેકટરોમાં સાડા ચાર દાયકા બાદ પણ નમુનારૂપ સફાઈ વ્યવસ્થા ગોઠવી શકાઈ નથી જેના પરિણામે સેકટરોના કોમન પ્લોટ તેમજ શેરીઓ અને ફુટપાથની આસપાસ કચરાના ઢગ ખડકાયેલા જોવા મળી રહયા છે.કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુટપાથ આસપાસ પણ કચરાના ઢગ ખડકાયા છે.નાગરિકો વોક વે પર ચાલવાનુ ટાળે તે હદે ગંદકીએ ફુટપાથને પણ બાનમાં લીધી છે. આવા સંજોગોમાં નિયમિત સફાઈ વ્યવસ્થાના અભાવ વચ્ચે શહેરમાં ગંદકીની સમસ્યા દિનપ્રતિદિન જટીલ બનતી જાય છે. જો કે છેલ્લા બે દિવસથી અચાનક જ સફાઈના મામલે તંત્ર જાગૃત બન્યુ હોવાનુ સ્પષ્ટ થયુ છે. શહેરના મુખ્ય માર્ગો આસપાસ યુધ્ધના ધોરણે સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી છે. જયારે સેકટરોમાં પણ સફાઈ કામદારોની ટીમ કામે લાગી છે. જો કે નિર્મળ નગરના સ્વપ્નને સાકાર કરવા પાટનગરમાં જ નિયમિત સફાઈ વ્યવસ્થાના ઠેકાણાં નથી હાલ લાંબા સમયથી કચરાના ઢગ વચ્ચે ઘેરાયેલા શહેરને ગંદકીથી ઉગારવા તંત્ર કામે લાગ્યુ છે. જો કે આ સફાઈ અભિયાન અન્વયે સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ કચરો ઉલેચવામાં આવે તેવી પણ પ્રબળ લાગણી વ્યાપી છે.

# આજે પાપનાશક તુલસી વિવાહ




પ્રાચીન કાળમાં જાલંધર નામના એક રાક્ષસે ચારે તરફ બહુ ત્રાસ મચાવ્યો હતો. રાક્ષસ હતો વીર અને પરાક્રમી અને એની વીરતાનું રહસ્ય હતું એની પત્ની વૃંદાનો પતિવ્રતા ધર્મ. એના જ પ્રભાવ હેઠળ જાલંધર સર્વજયી બન્યો હતો પરંતુ તેના ત્રાસથી ત્રસ્ત દેવગણ ભગવાન વિષ્ણુ પાસે ગયા અને રક્ષાની વિનંતી કરી. દેવોની પ્રાર્થના સાંભળી ભગવાન વિષ્ણુએ વૃંદાના પતિવ્રતા ધર્મનો ભંગ કરવાનો નિર્ણય કર્યો ને એમ કર્યું, જેનાથી દેવો સાથે યુદ્ધ કરી રહેલો જાલંધર મૃત્યુ પામ્યો.

જ્યારે વૃંદાને આ વાતની જાણ થઈ ત્યારે તેણે ક્રોધિત થઈને ભગવાન વિષ્ણુને શ્રાપ આપ્યો, 'જે પ્રકારે તમે છળથી મને પતિનો વિયોગ આપ્યો છે, એ જ પ્રકારે તમે પણ તમારી સ્ત્રીનું છળપૂર્વક હરણ થવા પર સ્ત્રીવિયોગ સહન કરવા માટે મૃત્યુલોકમાં જન્મ લેશો.'

આમ કહ્યા બાદ વૃંદા પોતાના પતિની પાછળ સતી થઈ ગઈ. એ જે સ્થાને સતી થઈ હતી તે સ્થાને તુલસીનો એક છોડ ઉગ્યો. અને ભગવાન વિષ્ણુએ પોતે વૃંદાને કરેલા અન્યાયનો બદલો તુલસી સાથે વિવાહ કરીને વાળી આપ્યો.

એક અન્ય પ્રસંગાનુસાર વૃંદાએ વિષ્ણુને શ્રાપ આપ્યો હતો કે 'તમે મારા સતીત્વનો ભંગ કર્યો છે એટલે તમે પથ્થર બની જશો.' વિષ્ણુ બોલ્યા હતા, 'હે વૃંદા! એ તમારા સતીત્વનું જ ફળ છે કે તમે તુલસી બનીને હંમેશાં મારી સાથે રહેશો. જે મનુષ્ય તમારી સાથે મારા વિવાહ કરાવશે એ પરમ ધામનો અધિકારી થશે.' આ માન્યતા અનુસાર તુલસી વિના શાલીગ્રામની પૂજા આજે પણ અધૂરી માનવામાં આવે છે અને શાલીગ્રામ ને તુલસીના વિવાહ એ ભગવાન વિષ્ણુના મહાલક્ષ્મી સાથેના વિવાહનું પ્રતીક ગણાય છે. દેવપ્રબોધિની એકાદશી અથવા પ્રબોધિની એકાદશી અથવા કાર્તિકી એકાદશી અથવા દેવઊઠી એકાદશી અથવા વિષ્ણુ પ્રબોધિની એકાદશી અથવા કાર્તિક સુદ ૧૧ના રોજ તુલસી વિવાહની ઉજવણી કરવામાં આવે છે. આ શુભ અવસરે ભક્તગમ પોતાનાં ઘરને સાફ-સફાઈ કરીને રંગોળીથી સજાવે છે અને સાંજના સમયે તુલસીના ભવ્ય મંડપમાં ભગવાન વિષ્ણુના સ્વરૂપ શાલીગ્રામની મૂર્તિ સજાવે છે. ત્યારબાદ વિધિવિધાનપૂર્વક તુલસી અને શાલીગ્રામનાં લગ્ન યોજાય છે.

સૌરાષ્ટ્રમાં તુલસી વિવાહનું મહત્ત્વ અનેરું છે. ત્યાં ઘરની દીકરીનો લગ્નપ્રસંગ ઉજવાય એવી મહત્તા અને ભવ્યતા સાથે આજેય તુલસી વિવાહનો પ્રસંગ યોજાય છે.

સૌરાષ્ટ્રના રહેવાસીઓ આ જ દિવસે એટલે કે કારતક સુદ ૧૧ના રોજ દેવદિવાળી પણ ઉજવે છે. એ સિવાય ગુજરાતમાં દેવદિવાળી કારતકી પુનમના રોજ ઉજવાય છે.

તુલસી વિવાહના દિવસે વ્રત રાખવાનું મહત્ત્વ અનેરું છે. આસ્થા એવી છે કે આ દિવસે વ્રત રાખનાર વ્યક્તિના ન માત્ર આ જન્મના, પરંતુ પૂર્વ જન્મના પાપ પણ નાશ પામે છે અને તેને પુણ્યની પ્રાપ્તિ થાય છે.

હિન્દુ ધર્મ અનુસાર તુલસીને 'વિષ્ણુપ્રિયા' નામ અપાયું છે અને વિષ્ણુ તથા તુલસીને પતિ-પત્ની તરીકે સ્વીકારવામાં આવ્યા છે ને તુલસી વિવાહના દિવસે તુલસી સાથે વિષ્ણુના શાલીગ્રામ સ્વરૂપના વિવાહ યોજાય છે. અલબત્ત, સૌરાષ્ટ્ર-ગુજરાતમાં વિષ્ણુના જ એક સ્વરૂપ કૃષ્ણને પણ તુલસી સાથે પરણાવવામાં આવે છે. સામાન્ય રીતે આ દિવસે તુલસી અને શાલીગ્રામ બંનેને પીળાં વસ્ત્રોથી સજાવવાનો ક્રમ છે ને જેમણે એકાદશીનું વ્રત રાખ્યું હોય એમણે બીજે દિવસે વિષ્ણુની પૂજા કર્યા બાદ પારણાં કરવાં જોઈએ એવી પણ કથની છે. ભોજન બાદ તુલસીના સ્વતઃ ખરેલાં પાન ખાવાં એ શુભ ગણાય છે. એવી પણ માન્યતા છે કે આ દિવસે શેરડી, આંબળા અને બોર ખાવાથી વ્યક્તિના બધા જ પાપ નાશ પામે છે.



## દેશમાં કાર્તિકી એકાદશી

- મહારાષ્ટ્રમાં પ્રબોધિની એકાદશી ભગવાન વિષ્ણુના સ્વરૂપ વિઠોબા સાથે જોડાયેલી છે, જેમનું મંદિર પંઢારપુર ખાતે સ્થિત છે. અહીં ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડે છે અને વિઠોબાની પૂજા કરે છે. આ ઉજવણી પાંચ દિવસ સુધી એટલે કે પૂનમ સુધી કાયમ રહે છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકાદશી નિમિત્તે સરકાર વતી પૂજા સંપન્ન કરાવે છે, જેને સરકારી મહાપૂજા તરીકે ઓળખવામાં આવે છે.
- ગુજરાતના ગિરનારમાં કાર્તિકી એકાદશીના રોજ ૩૨ કિમી લાંબી લીલી પરિક્રમાનો આરંભ થાય છે, જે બે દિવસ સુધી ચાલે છે. રાજ્યભરના હજારો લોકો લીલી પરિક્રમામાં સામેલ થાય છે અને પવિત્ર ગિરનાર પર્વત સ્વરૂપે સ્થિત ભગવાન પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરે છે.
- રાજસ્થાનના પુષ્કરમાં કાર્તિકી એકાદશીના રોજ ખ્યાત પુષ્કરના મેળાનો આરંભ થાય છે. આ મેળો કાર્તિકી પૂનમ સુધી ચાલે છે અને લાખોની સંખ્યામાં દેશભરમાંથી આવેલા લોકો તેમાં સામેલ થાય છે. બ્રહ્માની પૂજા માટે આ મેળો યોજાય છે, જેમનું મંદિર પુષ્કરમાં સ્થિત છે. મેળાના આ પાંચ દિવસ દરમ્યાન પુષ્કરના તળાવમાં સ્નાન કરવાને પણ ભાવિકો પવિત્ર માને છે, જેનાથી તેમના પાપનો નાશ થાય છે. પાંચ દિવસ દરમ્યાન મોટી સંખ્યામાં સાધુ-સંતો પણ પુષ્કર પધારે છે. આ મેળો ઊંટની નોંધપાત્ર સંખ્યા અને તેના ખરીદ-વેચાણને કારણે પણ દેશભરમાં ખ્યાત છે અને પુષ્કરનો મેળો એ એશિયાનો સૌથી મોટો 'ઊંટ મેળો' ગણાય છે.
- પ્રબોધિની એકાદશી એ શેરડીની લણણી માટેનો પણ શુભ દિવસ માનવામાં આવે છે. આ દિવસે ખેડૂતો ખેતરમાં પૂજન કરે છે અને મુહૂર્ત કરવા માટે શેરડીની લણણી કરે છે. ત્યારબાદ શેરડીને ખેતરના શેઢે લગાવે છે અને પછી બ્રાહ્મણ, સુથાર, લુહાર, ધોબી અને પાણીનું વહન કરનાર એમ પાંચ વ્યક્તિઓને એક-એક શેરડીનું દાન કરે છે અને પાંચ શેરડી ઘરે લાવે છે, જેના માધ્યમથી મંડપ બનાવાય છે અને તેમાં વિષ્ણુ-લક્ષ્મીની પ્રતિમા પાટલા પર સ્થાપિત કરી ગાયના છાણ અને માખણથી પવિત્ર કરવામાં આવે છે, ત્યારબાદ વિધિપૂર્વક પૂજન-અર્ચન અને પ્રસાદ અર્પણ કરાય છે. આ દિવસે યજ્ઞ, ભક્તિગીતો અને પ્રભાતિયાં પણ યોજાય છે. પૂજન બાદ શેરડીના સાંઠાને તોડી નાંખવામાં આવે છે અને હોળી સુધી છાપરા નીચે લટકાવી રાખવામાં આવે છે. હોળી પ્રજ્વલિત થાય ત્યારે આ સાંઠા તેમાં હોમી દેવામાં આવે છે.

## વન્યસૃષ્ટિનો પરિચય (૪ પાનાનું ચાલુ...)

વર્ષોમાં તેનું પ્રાકૃતિક સૌંદર્ય ગુમાવીને વરવા ગંદકીભર્યા દૂષિત સ્થળોમાં ફેરવાઈ જાય છે. પ્રવાસન સ્થળોએ જવાનો આપણે ક્રેઝ કે દેખાડો આપણા પ્રવાસન સ્થળોને હાનિ પહોંચાડે છે તેની સમજ કે પુખ્યતા આપણામાં હોવી જોઈએ પણ તેનો અભાવ કે ગેરહાજરી એટલી હદે જોવા મળે છે કે જાણે કોઈ સુધારો થઈ શકે તેવી આશા સેવવી પણ નકામી બની ચુકી છે. આપણે ભારતીયો કયારે સમજદાર થઈશું? એ પ્રશ્નનો ઉત્તર અત્યંત પીડાદાયક છે.

## મોરપીંછના રંગ (૪ પાનાનું ચાલુ...)

કહીને પોતાની પીડાની તીવ્ર અભિવ્યક્તિ ભાવકોને પણ ભાવનાત્મક દુનિયામાં ખેંચી જાય છે. અને પછી નીલ લંડન થઈને વેટિકન સીટી જાય છે.

આ બધી ઘટનાઓ ખુબ જ ઝડપથી બને છે લેખક ખુબ ઝડપથી આ બધા પ્રસંગો ઉપર પોતાનો કેમેરો ફેરવે છે. નીલનું ઈટલીમાં પાદરી થવું, માધૂરીનું પ્રેમલગ્ન આ બધુ નવલકથાને ગતિ આપે છે.

પ્રકરણ - ૧૬ની આરંભે જ ઈટાલી-રોમથી ગ્રીસ વચ્ચેના શહેરોની (પૃ. ૧૩૭) યાદી, આખું જીવંત વાતાવરણ આપી દે છે. વાચક ખુદ રોમની ગલીઓમાં નીલ સાથે ફરતો હોય એવી અનુભૂતિ થયા વિના રહેતી નથી. જો કે અંતે સમુદ્રમાં નીલનું થતુ મૃત્યુ એકદમ નાટકીય લાગે છે. એના મૃતદેહને ભીલાડી લાવવો, રાલ્ફ અને દિવાળી વચ્ચે નીલ એ રાલ્ફનો પુત્ર હોવાનો થતો ઘટસ્ફોટ, અંતે રાલ્ફનું પણ મૃત્યુ. માધૂરીનું મુંબઈ જતા રહેવું અંતે દિવાળીનું પણ ફેફસાના કેન્સરમાં થતું મૃત્યુ અને અંતે ભીલાડીની હવેલીનો ઉતરાધિકારી માધૂરીના ઉદરમાં હોવાની વાત આ કથાને ફરીથી નવેસરથી વિસ્તરવા જાણે કે આહવાન કરી રહી હોય એવું લાગે છે.

આમ ખુબ જ પ્રચૂર ઘટનાઓ, સ્વચ્છ ભાષા અને સંવેદનાત્મક કથા લઈને લેખક ભાવકોને એક નવી જ દુનિયામાં ખેંચી જાય છે. અહી બધુ ચિત્રાત્મક છે, દૃશ્યો બધા નજર સમક્ષ ભજવાય છે. કથા એકદમ તીવ્ર ગતિએ આગળ વધે છે. ૬૦૦ પાનાની કથાને લેખકે ખુબ સંયમથી માત્ર ૧૬૦ જેટલા પૃષ્ઠોમાં સમેટી લીધી છે. વળી ગુજરાતી નવલકથાઓમાં ખ્રિસ્તી ધર્મ અને તેમની આખી જીવંત પરંપરા પહેલી વખત પ્રગટ થાય છે. લેખક ખુદ વિશ્વ પ્રવાસી હોવાથી તેમણે કરેલા પ્રવાસો અને અનુભવોનો લાભ પાઠકોને જરૂર મળી રહે છે. કથાને શૈલીની રીતે જોઈએ તો કથા અનેક બિંદુઓથી આરંભાઈને એક બિંદુ તરફ ગતિ કરીને અંત પામે છે. એક સાથે ત્રણ ચાર પેઢીને માત્ર આટલા ઓછા પૃષ્ઠોમાં સમેટી ને લેખકે એમની કલાત્મકતાનો પરિચય આપ્યો છે. વળી એક પાદરી અને સ્ત્રીની પ્રેમ કથાને આટલી સંવેદનાત્મક રીતે આલેખવી ખુબ અઘરી છે. ભાષા, ભાવ અને બાહ્ય વર્ણનોની કોઈપણ જાતની છૂટ લીધા વિના લેખક એક મર્યાદા રાખીને આગળ વધી પાદરી જેવા ઉચ્ચ ધાર્મિક પરંપરાઓમાં બંધાયેલા પાત્રનું એક સ્ત્રી સાથે થતું શારીરિક મિલન પણ આધ્યાત્મિક અને પવિત્રતાની પરિભાષાએ લઈ જવામાં લેખક સફળ રહ્યા છે. અહી લેખકને શૃંગારિક ભાષા અને બાહ્ય ચેષ્ટાઓ લખવાની અનેક તક હોવા છતાંય સંયમ રાખી એમણે દરેક પ્રસંગોને કલાત્મક રીતે નિરૂપ્યા છે. આ નવલકથા જો થોડી લંબાણપૂર્વક અને ધીમી ગતિએ લખાઈ હોત તો ગુજરાતી ભાષાની એક ક્લાસિક નવલકથા બની શકી હોત એમાં કોઈ શંકા નથી.